રજુ તારીખ : ૧૨.૦૭.૨૦૧૭
દાખલ તારીખ: ૧૨.૦૭.૨૦૧૭
ફેંસલ તારીખ : ૩૦.૦૬.૨૦૧૮
સમયગાળો: ૦૦ વર્ષ ૧૧ માસ ૨૩ દિવસ

**નસવાડીના મે.જયુડી.મેજી.ફસ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.નસવાડી.**

**<u>ક્રિ.કેસ નં. ૪૩૫/૧૭</u>**
આંક: ૨૦

**ફરીયાદી :** **શ્રી સરકાર,**

**વિ.**

**આરોપી :**
**દોલાભાઈ ફુલજીભાઈ ડું.ભીલ**
**પાડવી ફુલજીભાઈ ડું.ભીલ**
**કાન્તીભાઈ ફુગરીયાભાઈ ડું.ભીલ**
**નારસીંગભાઈ મુળજીભાઈ ડું.ભીલ**
**બસીયાભાઈ ફુલજીભાઈ ડું.ભીલ**
**દામજીભાઈ ફુલજીભાઈ ડું.ભીલ**
રહે.તમામ ગીરખેડ ફળીયા, તા. નસવાડી.

**ગુન્હો :ઈ.પી.કો.ક. ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબ.**

..........................................................................................

**ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી જી.એમ.વલવી**
**આરોપીઓ તરફે વિ.વ.શ્રી એસ.વાય.મેમણ**

..........................................................................................

**<u>// ઠરાવ //</u>**

૧. ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આરોપીઓના ઘરના માણસો બિમાર પડી મરણ જતા હોય જેથી આરોપીઓએ ફરીયાદીના માતા પિતા ઉપર ડાકણ હોવાથી તાંત્રીક વિધ્યાથી માણસોને બિમાર પાડી દેતા મરણ જતા હોવાનું વહેમ રાખી આરોપી બસીયાભાઈની પત્ની કવિતાબેન મરણ ગયેલ તેના બીજા દિવસે નવેક વાગ્યાના સુમારે આરોપી દોલાભાઈ ફુલજીભાઈ તથાા દામજીભાઈ

કુલજીભાઈ ડું.ભીલ તથા હેરકાભાઈ કુલજીભાઈ નાઓ હાથમા લાકડી લઈ આવી ફરીયાદીના ઘર આગળ જઈ ગાળો બોલી મારી નાખવાની ધમકી આપી તથા આરોપીઓએ ફરીયાદીના ઘર આગળ જઈ ગમે તેમ ગાળો બોલી ગુનો કરેલ છે.

૨. આ કામના ફરીયાદીએ નસવાડી પોલીસ મથકે ફરીયાદ આપતાં, પોલીસ ે ગુન્હો રજીસ્ટર કરી તપાસના અંતે આરોપીઓ વિરુધ્ધ ઈ.પી.કો.ક. ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબના ગુન્હાનું ચાર્જશીટ દાખલ કરેલ છે.

૩. આ કામના આરોપીઓ ના.કોર્ટ રુબરુ હાજર થતાં, તેઓને પોલીસ પેપર્સની નકલ આપી આંક–૩થી આરોપીઓ વિરુધ્ધ તહોમતનામુ ફરમાવી આંક–૪ થી ૯ જવાબ નોંધતાં, તેઓએ ગુન્હાનો ઈન્કાર કરેલ છે. જેથી આ કામ પુરાવાના તબકકે રાખવામાં આવેલ.

૪. આ કામના પક્ષકારોએ આંક: ૧૦ થી પક્ષકારો વચ્ચે સમાધાન થયેલ છે અને વધુ કોઈ પુરાવો રજુ કરવાનો નથી તેવી પુરસીસ રજુ કરેલ છે.

૫. પુરાવાના તબકકે આ કામે ફરીયાદપક્ષ તરફે મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ થયેલ છે. જેની વિગતે ચર્ચા મુદ્દાના નિર્ણયોના કારણોમાં કરવામાં આવેલ છે. તે બાદ ફરીયાદપક્ષે આંક: ૧૯ થી પુરાવો બંધ કરવા અંગેની પુરસીસ રજુ કરતાં, પુરાવો બંધ કરવામાં આવેલ છે. રજુ પુરાવો જોતાં, આરોપીઓનો વિશેષ જવાબ નોંધવા જેટલો પુરાવો રજુ થયેલ ન હોઈ, તે નોંધેલ નથી. ત્યારબાદ પક્ષકારોના વિ.વ.શ્રીઓની દલીલો સાંભળેલ છે.

૬. આ કામે નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉદ્ભવે છે.

૧. શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીઓના ઘરના માણસો બિમાર પડી મરણ જતા હોય જેથી આરોપીઓએ ફરીયાદીના માતા પિતા ઉપર ડાકણ હોવાથી તાં ત્રીક વિધ્યાથી માણસોને બિમાર પાડી દેતા મરણ જતા હોવાનું વહેમ રાખી આરોપી બસીયાભાઈની પત્ની કવિતાબેન મરણ ગયેલ તેના બીજા દિવસે નવેક વાગ્યાના સુમારે આરોપી દોલાભાઈ કુલજીભાઈ તથા દામજીભાઈ કુલજીભાઈ ડું.ભીલ તથા હેરકાભાઈ કુલજીભાઈ નાઓ હાથમા લાકડી લઈ આવી ફરીયાદીના ઘર આગળ જઈ ગાળો બોલી મારી નાખવાની ધમકી આપી તથા આરોપીઓએ ફરીયાદીના ઘર આગળ જઈ ગમે તેમ ગાળો બોલી, ઈ.પી.કો.ક. ૫૦૪, ૫૦૬(૨),૧૧૪ મુજબનો ગુન્હો કરેલ છે?

૨. શું હુકમ?

ઉપરોકત મુદ્દાઓના નિર્ણયો નીચે મુજબ આપવામાં આવે છે.

૧. નકારમાં

૨. આખરી હુકમ મુજબ.

**// કારણો //**

૭. **મુદ્દા નં. ૧ :**

આ કામે ફરીયાદપક્ષે આંક: ૧૪ થી ફરીયાદી બામણીયાભાઈ ગોવાળભાઈ ડું.ભીલનાઓને સોંગદપર તપાસવામા આવેલ છે તેઓને પોતાની સરતપાસમાં જણાવેલ છે કે તમામ આરોપીઓ તેમના સગા થાય છે. આશરે એકાદ વર્ષ પહેલા તેઓના સમાજની નજીવી બાબતે સામાન્ય બોલાચાલીનો બનાવ બનેલો. ઉપરોકત વિગતે તેઓએ ફરીયાદ આપેલી જેમા તેઓનું અંગુઠાનું નીશાન છે જે ફરીયાદ રજુ આંક–૧૫. આ સિવાય વધુ વિગતે કોઈ બનાવ બનેલ નહી હોવાનું જણાવેલ છે. સદર ફરીયાદી ફરીયાદપક્ષના કેસને સમર્થન નહી કરતા તેઓને એ.પી.પી.શ્રીએ ફરીગયેલા જાહેર કરી ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા છતા ફરીયાદપક્ષના કેસને મદદરૂપ થાય તેવી કોઈ હકિકત જણાવેલ નથી.

આ કામે બચાવપક્ષે ગુનાવાળી જગ્યાનું પંચનામુ, આરોપીઓની શરીર સ્થિતીનું પંચનામુ, હથીયાર રીકવરીના પંચનામા વિગેરેને આંકે પાડી વંચાણે લેવામા આવેતો વાંધો નથી તેવો શેરો કરતા આ કામે રજુ થયેલ મેડીકલ સર્ટીફીકેટ તથા ગુનાવાળી જગ્યાના પંચનામા વિગેરેને આંક– ૧૬ થી ૧ ૮ આપવામા આવેલ છે પરંતુ ફરીયાદપક્ષે ઉપરોકત દસ્તાવેજી પુરાવાઓને મૌખીક પુરાવાથી પુરવાર કરવામા આવેલ નથી. આમ ઉપરોકત દસ્તાવેજી પુરાવાઓ માત્ર આંકે પડવાથી તે પુરવાર થયેલા માની શકાય નહી.

ઉપરોકત હકીકતે પુરાવો ધ્યાને લેતાં, ફરીયાદીને આરોપીઓ સાથે ઘરની નજીવી બાબતે સામાન્ય બોલાચાલી થયેલી છે. તે સિવાય કોઈ બનાવ બનેલ નહી હોવાનું જણાવેલ છે. વધુમા આરોપીઓએ ફરીયાદની સાથે ઝઘડો તકરાર કરી ફરીયાદમાં જણાવ્યા મુજબ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તેવો પુરાવો આપેલ નથી અને જણાવેલ છે કે માત્ર આરોપી સાથે સામાન્ય બોલાચાલી થયેલ. આમ ઉપરોકત ભોગબનનાર ફરીયાદીની જુબાનીથી આરોપીઓ વિરુધ્ધનો આક્ષેપ પુરવાર થતો નથી. અન્ય કોઈ સબળ, ઠોસ પુરાવો ફરીયાદપક્ષે રજુ નથી.

આ કામે આંક: ૧૫ થી ફરીયાદ રજુ થયેલ છે. પરંતુ ખુદ ફરીયાદીએ ફરીયાદની હકીકતને સમર્થન કરેલ ન હોઈ, માત્ર ફરીયાદ પર આધાર રાખી શકાય નહીં.

આમ, સમગ્ર હકીકતને લક્ષ્યમાં રાખતાં, રજુ પુરાવા ઉપરથી આરોપી સામેનો ગુન્હો નિ:શંકપણે પુરવાર માની શકાય તેમ ન હોઈ, તેમજ રેકર્ડ જોતાં, પક્ષકારો વચ્ચે સમાધાન થયેલ છે તે તમામ હકીકતો ધ્યાને લઈ, મુદ્દા નં. ૧ નો નિર્ણય નકારમાં આપી મુદ્દા નં. ૨ માટે છેવટનો નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>//હુકમ//</u>**

આરોપીને ક્રિ.પ્રો.કો.ક. ૨૪૮ (૧) અન્વયે ઈ.પી.કો.ક. ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબના ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપીઓએ અગાઉ ટ્રાયલ માટે આપેલા જામીનખત રદ કરવામાં આવે છે. તેમજ આરોપીઓએ ક્રિ.પ્રો.કોડની કલમ ૪૩૭–એ(૧) મુજબ અપીલ કોર્ટમાં હાજર રહેવા માટે રૂા. ૫૦૦૦/– અંકે રુપીયા પાંચ હજાર પુરાના જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકા રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે અને સદર જામીનખત હુકમની તારીખથી છ માસ સુધી અમલમાં રહેશે.

હુકમ આજરોજ તા. ૩૦/૦૬/૧૮ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો

નસવાડી.
તા. ૩૦/૦૬/૧૮.

(રવિ શ્યામલાલ ટહેલીયાણી)
જ્યુડી.મેજી.ફ.ક.,
નસવાડી.
કોડ નં.જી.જે.૦૧૩૪૬